PDF-XChange Editor
Click to BUY NOW!
www.tracker-software.com

### ૯મા કોન્વોકેશનમાં કુલ 462 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ

# GNLU કોન્વોકેશન : 51 ગોલ્ડમેડલ એનાયત, 45 વિદ્યાર્થિનીઓને મળ્યાં

PDF-XChange Editor
Click to BUY NOW!
www.tracker-software.com

### સુપ્રિમ કોર્ટના એ.કે સિકરીએ વિદ્યાર્થીઓને વકિલાત ક્ષેત્રની ચેલેન્જ શેર કરી

સિટીરિપોર્ટર cbamdavad@gmail.com

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (જીએનએલયુ) નો ૯મો પદવીદાન સમારોહ રવિવારે જીએનએલયુ કેમ્પસ ખાતે યોજાયો હતો. જેમાં લૉમાં યુ.જી, પી.જી ડૉક્ટરલ અને એમબીએ જેવા કોર્સમાં 462 વિદ્યાર્થીઓને પદવી અપાઈ હતી. કોન્વોકેશનમાં 51 ગોલ્ડ મેડલ 32 વિદ્યાર્થીઓને અપાયા હતા. જેમાં પ્રથમવાર ગર્લ્સે બાજી મારીને 51 ગોલ્ડ મેડલમાંથી 26 વિદ્યાર્થિઓએ 45 ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. સુપ્રિમ કોટના જસ્ટિસ એ.કે સિકરીએ કોન્વોકેશનના ચીફ ગેસ્ટ તરીકે હાજરી આપીને વિદ્યાર્થીઓને વકિલાતની ક્ષેત્રે રહેલા ચેલેન્જ વિશે માહિતગાર કર્યા હતા.

## GNLUમાં હવે મેરીટાઈમ અને સ્પોર્ટ્સ લૉ પર LLM પ્રોગ્રામ શરૂ કરશે



જીએનએલયુના ડિરેક્ટર બિમલ પટેલે કહ્યું કે, ‘ નવા શૈક્ષણિક વર્ષથી જીએનએલયુ LLMના નવા બે પ્રોગ્રામ શરૂ કરવા જઈ રહ્યુ છે. જેમાં વિદ્યાર્થીઓ હવે મેરિટાઈમ લૉ અને સ્પોર્ટ્સ લૉ વિશે સ્ટડી કરી શકશે. આ માટે ફેકલ્ટીને પણ સજ્જ કરવામાં આવશે. નવા શૈક્ષણિક વર્ષથી વિદ્યાર્થીઓ આ બંન્ને કોર્સમાં એડમિશન આપવામાં આવશે.

### જસ્ટિસ સિકરીએ કહ્યું કે, ગાંધીજી, અબ્રાહમ લિંકન અને મંડેલા પણ વકિલ તરીકે શરૂઆતમાં ફેઈલ ગયેલાં

સુપ્રિમ કોર્ટના જસ્ટિસ એ.કે સિકરીએ કહ્યું કે, ‘ વકિલ તરીકેની તમારી કારર્કિદી સરળ નહી રહે. શરૂઆતમાં તમે કેસ હારશો. પણ હતાશ થવાની જગ્યાએ ધૈર્યની કામ લેવુ પડશે. ગાંધીજી, અબ્રાહમ લિંકન અને નેલશન મંડેલા પણ શરૂઆતમાં પોતાની વકિલ તરીકે કારર્કિદીમાં ઘણા કેસ હાર્યા હતા. પણ તેઓએ હતાશ થવાને બદલે મહેનત અને ધૈર્ય રાખીને સક્સેસ મેળવ્યુ. આથી નિષ્ફળતા મળે ત્યારે મહેનત અને ધૈર્યથી આગળ વધવું.

### 9 ગોલ્ડ મેડલ મેળવનારની સિદ્ધિ બોલતા એન્કર થાક્યાં

યુ.જી પ્રોગ્રામ ઈન લૉમાં ૯ ગોલ્ડ મેડલ મેળવનાર આકાર્શિતા ધવન કોન્વોકેશનમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. આકાર્શિતાને ક્યા ક્ષેત્રમાં ગોલ્ડ મેડલ મળ્યા છે તે બોલતા બોલતા એન્કર પણ થાક્યા હતા. આકાર્શિતાએ કહ્યું કે, ‘મારી ફેમેલીમાં કોઈ વકિલ નથી આથી મે વિચાર્યુ કે આ ક્ષેત્રમાં આગળ વધુ. પિતા આર્મીમાં હોવાથી તેમના ટ્રાન્સફર થતા રહેતા હતા આથી સ્કૂલિંગમાં બહુ તકલીફો પડી હતી. મારા આ સક્સેસ પાછળ મારુ હાર્ડવર્ક અને ટીચર અને મધર-ફાધર સપોર્ટ જવાબદાર છે.